અંબોડ ખાતે ઐતિહાસિક અશ્વ મેળો યોજાયો છે... દેશભરમાંથી વિવિધ પ્રકારના ઘોડાઓ અંબોડમાં આવ્યા છે... ઘોડાની શણગારની દુકાનો પણ ઠેર-ઠેર લાગી ગઈ છે... અશ્વ પ્રેમીઓના અડ્ડા પણ અંબોડ મુકામે જામ્યા છે... દિવસ દરમિયાન અનેક રાજકીય આગેવાનો અને અશ્વ પ્રેમીઓ મોટી સંખ્યામાં અંબોડ પધાર્યા હતા. મહિલા હોર્સ રાઈડરો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે... રેસમાં ભાગ લેવા માટે છેલ્લા બે દિવસથી નેટ પ્રેક્ટીસ ચાલી રહી છે... સવારથી સાંજ સુધી ઘોડા દોડથી ગ્રામજનો અને આસપાસના નાગરિકો મોટી સંખ્યામાં ઉમટે છે... (તસવીર : નિકેષ બારોટ)

વિધાનસભા સત્રને પગલે ઘનિષ્ઠ બંદોબસ્ત

એક મહીલા પ્લાટુન, ત્રણ કંપની એસ.આર.પી., બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ, બે ડી.વાય.એસ.પી. સહિત ૨૦૦ પોલીસ કર્મચારી સ્ટેન્ડ ટુ રહેશે

ગાંધીનગર, તા.૧૮

આવતીકાલથી શરૂ થનારા વિધાનસભાના બજેટ સત્રને અનુલક્ષી સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. વિધાનસભાની સુરક્ષા વ્યવસ્થાને લઈ એસ.આર.પી.ની ત્રણ કંપની ઉપરાંત, બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ અને બે ડી.વાય.એસ.પી. સહિત ૨૦૦ પોલીસ કર્મચારીઓ સુરક્ષા વ્યવસ્થાનો મોરચો સંભાળશે.

વિધાનસભાની ચૂંટણી બાદ પ્રથમવાર યોજાનારા બજેટસત્રને લઈ યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા આયોજન કરી દેવાયું છે. હાઈપ્રોફાઈલ વિધાનસભા સંકુલની સુરક્ષા મજબૂત બનાવવા પોલીસ કાફલો તૈનાત કરી દેવાશે. વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન કોઈ અનઈચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. તા. ૨૦ ફેબ્રુઆરીથી વિધાનસભાના બજેટસત્રની કાર્યવાહી શરુ થનાર છે. ત્યારે સલામતી વ્યવસ્થાને અનુલક્ષી કડક પોલીસ પહેરો ગોઠવવા આખરી આયોજન કરી દેવાયું છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વિધાનસભાના બજેટસત્રને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ત્રણ કંપની એસ.આર.પી. એક મહીલા પ્લાટુન ઉપરાંત એક બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ પણ ગોઠવી દેવાશે. આ ઉપરાંત બે ડી.વાય.એસ.પી., ૭ પોલીસ ઈન્સ્પેક્ટર, ૨૦ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત ૨૦૦ પોલીસ કર્મચારીઓ સલામતીનો મોરચો સંભાળશે.

બંધ સરકારી મકાનોના વીજ જોડાણ પેટે સરકારને વર્ષે ૧૦ લાખનો ખર્ચ!

વીજ જોડાણ રાખવા મીનીમમ લાઈટ બીલ ભરવું પડે છે, ખાલી હાલતમાં ૪ હજાર મકાન હોવાનો અંદાજ

ગાંધીનગર, તા.૧૮

શહેરના વિવિધ સેકટરોમાં, ઉપયોગમાં ન હોય તેવા બંધ આવાસો પાછળ પણ સરકારે પ્રતિ વર્ષ લાખોનો ખર્ચ કરવો પડે છે. શહેરમાં જુદી જુદી કક્ષાના મકાનો વપરાશમાં નહીં હોવા છતાં સરકારે વર્ષે અંદાજિત રૂ. ૧૦ લાખ જેટલું વીજ બીલ ભરપાઈ કરવું પડે છે.

શહેરમાં દાયકાઓ પૂર્વે નિર્માણ કરાયેલા સરકારી આવાસો પૈકી હજારો મકાનો હાલની સ્થિતિએ ઉપયોગમાં ન હોવાનું ધ્યાને આવ્યું છે. સેકટરોમાં જુદી જુદી કેટેગરીના અંદાજિત ૧૬ હજારથી વધુ સરકારી મકાનો છે. જયારે આ પૈકી ૧૯૦૦ જેટલા મકાનો નિકાલ હેઠળના છે. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓના રહેણાંક માટે બંધાયેલા આવાસો પૈકી સંખ્યાબંધ આવાસ બંધ હાલતમાં છે. ખાલી પડેલા તેમજ વપરાશમાં ન હોય તેવા મકાનમાં પણ સરકારે વીજ જોડાણનું લઘુત્તમ ભાડુ ભરવું પડે છે. બંધ મકાનો ગમે ત્યારે ઉપયોગમાં લેવાના થાય તેવા સંજોગોમાં વીજ જોડાણ હોવાનું અનિવાર્ય બને છે. બીજી તરફ આ વીજ જોડાણ કાયમ રાખવા માટે સરકારી મીનીમમ ચાર્જીસ પણ ભરવાનો થાય છે. શહેરમાં નવ વિકસિત વિસ્તારના સે-૧ થી ૫ ઉપરાંત સે-૧૦ અને ૧૧ સહિત સે-૧૫, ૨૫ અને ૨૬માં સરકારી આવાસો નથી જયારે અન્ય સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે. 'જ' થી લઈ 'ક' કેટેગરીના આ મકાનો દાયકાઓના અંતે કંગાળ બનતા તંત્ર દ્વારા તબક્કાવાર આ મકાનોનું મજબૂતીકરણ પણ હાથ ધરવામાં આવ્યું છે. આમ છતાં હજુ ઘણા ખરા મકાનો બિસ્માર હાલતમા છે. એક બાજુ નિકાલ હેઠળના મકાનો સંદર્ભે પણ વર્ષોના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. ત્યારે શહેરમાં બંધ મકાનમાં વીજ જોડાણ કાયમ રાખવા માટે પણ સરકારે પ્રતિવર્ષ લાખોનો ખર્ચ કરવો પડે છે. શહેરમાં હાલની સ્થિતિએ બંધ હાલતમાં રહેલા ૪ હજાર જેટલા મકાનોના વીજ જોડાણ સંદર્ભે સરકારે લઘુત્તમ ચાર્જ પેટે પ્રતિ વર્ષ રૂ. ૧૦ લાખથી વધુ રકમ ચુકવવી પડે છે.

ગાંધીનગરને વધુ ટ્રેન ફાળવવા સાંસદો કેન્દ્રમાં રજૂઆત કરશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના રેલ માર્ગથી જોડવા માટે વધુ ટ્રેનો ફાળવવાની રજૂઆતો કેન્દ્ર સરકાર સમક્ષ કરવા માટે સરકારે સાંસદોને સૂચવ્યું છે.

તાજેતરમાં સંસદ સભ્યો સાથે ગુજરાતના કેન્દ્રમાં પડતર પ્રશ્નો અંગેની જાણકારી આપવા માટે યોજાયેલી બેઠકમાં આ મુદ્દાને પણ સમાવવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે સંસદ સભ્યોને જણાવ્યું છે કે, રાજધરાણી એક્સપ્રેસ જે રાજ્યોના પાટનગરને સાંકળતી ટ્રેન છે તે ગાંધીનગર માટે નથી ફાળવાઈ તો તે માટે આગ્રહ કરવો જોઈએ.

ગાંધીનગર એ દેશના અન્ય રાજ્યોના પાટનગરોની તુલનામાં સૌથી ઓછી અવર-જવર ધરાવતું પાટનગર હોઈ આ વિસંગતતા દૂર કરવા માટે કેન્દ્રને આગ્રહ કરવો જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

મહાત્મા મંદિર અને સોલ્ટ માઉન્ટને જોડતો બ્રીજ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરને વૈશ્વિક ઓળખ આપનાર મહાત્મા મંદિરના કન્વેનશન હોલ અને સોલ્ટ માઉન્ટને જોડતો બ્રીજ બનાવવાની કામગીરી આગામી

નાણાંકીય વર્ષમાં હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સોલ્ટ માઉન્ટ અને કન્વેનશન હોલને જોડતા બ્રીજની ડિઝાઈન અંગેનું પ્રેઝન્ટેશન તૈયાર કરી દેવાયું છે અને તે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની મંજૂરી માટે પણ મોકલી દેવાયું છે.

મહાત્મા મંદિરને આકર્ષક જ નહિ પણ ગાંધી સ્મૃતિનું એક અનોખું સ્થળ બની રહે તે માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ખુબ જ અંગત રીતે રસ લઈ રહ્યા છે. મહાત્મા મંદિર ખાતે આકાર પામી રહેલ ગાંધીવનની ડિઝાઈનમાં ગાંધીજીની આયુ અને ગાંધીજીના મહાવ્રતોનું સંકલન કરી આખી ડિઝાઈન તૈયાર કરવાનું સૂચન કર્યું હતું. હવે દાંડીકુચની યાદ તાજી થાય તે માટે સાબરમતી આશ્રમ પાસે આવેલ ચંદ્રભાગા બ્રીજની જેમ સોલ્ટ માઉન્ટ અને કન્વેનશન સેન્ટરને જોડતો બ્રીજ બનાવવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મંદિરમાં હાઈબ્રીડ વીજ પ્રોજેકટથી વીજળી ઉત્પાદન કરવાનો પ્રોજેકટ પણ આકાર લેનાર છે જેમાં પવનચક્કી અને સોલાર ઉર્જાનો ઉપયોગ કરવામાં આવનાર છે. શહેરનું આગવું આકર્ષણ બનનાર મહાત્મા મંદિરનું સંપૂર્ણ કામ ૨૦૧૪ના ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થાય તેવો અંદાજ છે. અહિં ગાંધીજીના જીવનના મહત્વના કેટલાક બનાવોનું કાયમી પ્રદર્શન પણ ઉભું કરવા માટેનું આયોજન વિચારણામાં છે.

મહાત્મા મંદિર સાથે સંકળાયેલ સ્વર્ણિમ પાર્કમાં પણ હજુ ઘણા બધા આકર્ષણો ઉભા કરવામાં આવશે જેથી પ્રેરણા-પ્રતિબધ્ધતાનો સંદેશ મળી રહે. ગાંધીનગરને મહાત્મા મંદિરે વૈશ્વિક ઓળખ આપી છે એટલું જ નહિ પણ હજુ આ એક પ્રવાસધામ બની રહે તે રીતે તેના નિર્માણને આખરી ઓપ આપવામાં આવશે.

સાઈ સંકુલમાં ૩ કરોડના ખર્ચે અતિથિગૃહ બાંધવામાં આવશે

૧૨૦૦ સ્કવેર મીટરની જગ્યામાં રૂમ, વેઈટિંગ લોન્જ અને કીચન સહિતનું બાંધકામ કરાશે : ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૮

સે-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સંકુલમાં અતિથિ ગૃહ બાંધવા પાછળ રૂ. ૩ કરોડનો ખર્ચ થશે. ૧૨૦૦ સ્કવેર મીટરની જગ્યામાં અતિથિ ગૃહના બાંધકામ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેમાં મુલાકાતીઓને ધ્યાને લઈ વેઈટીંગ લોન્જ, પેન્ટ્રી તેમજ કીચનનું બાંધકામ કરવામાં આવશે.

શહેરમાં રાજય કક્ષાની રમત ગમતની પ્રવૃત્તિને વેગ આપવા સ્ટેટ સ્પોર્ટસ સંકુલ બાંધવાની સરકારની યોજના તો તદન ગોકળ ગતિએ ચાલી રહી છે. પરંતુ ભારત સરકારના સંચાલનમાં રહેલા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંકુલમાં વધારાની સુવિધા ઉભી કરવાના કામ હાથ પર લેવામાં આવી રહ્યાં છે. તેમાં આગામી દિવસોમાં અતિથિ ગૃહ બાંધવા રૂ. ૩ કરોડના ખર્ચની યોજના હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ સેકટર-૧૯માં આવેલા જીમખાનામાં સ્વીમીંગ પુલ સંબંધિ સગવડોમાં પણ સુધારા વધારા કરવામાં આવનાર છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે મહાત્મા મંદિરની યોજનાના પગલે સે-૧૫માં આવેલા સાંઈ કોમ્પલેકસનો કેટલોક ભાગ કપાતમાં લેવામાં આવ્યો હતો અને તે જગ્યામાં અગાઉ કરવામાં આવેલા બાંધકામ દુર કરવામાં આવ્યા હતાં. હવે તે જરુરીયાતો પુરી કરવામાં આવશે. તેમાં પ્રથમ તબક્કે અતિથિ ગૃહ બાંધવામાં આવશે. ઈજનેરી સુત્રોના જણાવ્યા પ્રમાણે ૧૨૦૦ સ્કવેર મીટર જેટલું બાંધકામ કરવામાં આવશે. સાંઈ સંકુલમાં બંધાનારા અતિથિ ગૃહમાં મુખ્ય ઈમારત ઉપરાંત બહારથી આવતા મુલાકાતી-મહેમાનો માટે વેઈટીંગ લોન્જ, પેન્ટ્રી તેમજ કિચનનું બાંધકામ કરવામાં આવશે. ભોંયતળીયા ઉપરાંત એક માળનું બાંધકામ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અને ૧૨ મહિનામાં કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછીનો રાખવામાં આવનાર છે. સે-૧૯માં જીમખાના સંકુલમાં જ સ્વીમીંગના સંદર્ભે અલગ જીમખાનાની ઉપલબ્ધિ કરવામાં આવી છે. ત્યાં રાષ્ટ્રીય ધારાધોરણનો સ્વીમીંગ પુલ બાંધવામાં આવ્યા પછી હવે આનુસાંગિક સુવિધાઓ રૂ. ૨૨ લાખના ખર્ચે ઉભી કરવામાં આવનાર છે.

વેચવાની છે
અલ્ટો-૨૦૦૬ - પેટ્રોલ
ડૉક્ટરની કિંમત રૂ. ૧,૬૦,૦૦૦/-
ફોન : ૯૩૨૮૦૯૨૪૬૦

ખુબ જ સ્હેલું ENGLISH જાણનાર પણ ફરજીયાતી ENGLISH બોલતાં શીખી શકે છે.
કોલેજીયનો, ગૃહિણીઓ તથા બિઝનેસમેન માટેનો
સ્પેશ્યલ ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ
લેક્ચર સરળ ભાષામાં, સાયકલની 100% ગેરંટી સાથે તમે પણ અંગ્રેજી બોલતાં શીખી જશો.
નવી બેચ શરૂ થવા તારીખ : 25.02.2013
સમય : બપોરે 3.30 થી 5.00 (સોમ થી શુક્ર)
વિવેકાનંદ એકેડમી
પ્રવેશ માટે સંપર્ક : 9228433106

રિવરફ્રન્ટ ખાતે શાળાના ૩૨૩૭ વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિના પ્રસંગે સૂર્યનમસ્કાર કાર્યક્રમ યોજીને ઈતિહાસ સર્જ્યો હતો. આ ઘટના નિહાળવા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માર્ગ વચાળે આડેધડ મુકાયેલા બેરીકેટસથી સલામતી જોખવાઈ

ટ્રાફિક-રોડ નેટવર્કને અનુલક્ષી નિયમ મુજબ બેરીકેટસ મુકવા પ્રબળ માંગ

ગાંધીનગર, તા.૧૮

શહેરના પ્રવેશદ્વાર સહિત મુખ્યમાર્ગો પર મુકાયેલા બેરીકેટસના લીધે માર્ગ સલામતી જોખમાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. માર્ગ વચાળે આડેધડ બેરીકેટસ મુકી દેવાતા ગમે ત્યારે જાન લેવા અકસ્માત સર્જાય તેવી દહેશત પ્રવર્તી છે.

ગાંધીનગરમાં આમ પણ ટ્રાફિક નિયમન અને ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતીનું ચિત્ર બિહામણું છે. શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનોના પૈડાને નિયંત્રણમાં રાખવા ટ્રાફિક સિગ્નલ લગાવવાની કામગીરી ઢૂંકમાં હાથ ધરવામાં આવનાર છે. પરંતુ ગતિ નિયંત્રણ જાળવવાના મામલે કોઈ નક્કર કાર્યવાહી હાથ ન ધરાતા પૈડા પરની જીંદગી જોખમી બની છે. ત્યારે માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળોમાં હવે પોલીસ બેરીકેટસનો પણ સમાવેશ થયો છે. શહેરના પ્રવેશદ્વાર નજીકથી લઈ 'ચ' માર્ગ પર વિધાનસભા સામે તેમજ નગરના અન્ય રોડ નેટવર્ક પર આડેધડ બેરીકેટસ ખડકી દેવાયા છે. વાઈબ્રન્ટ વેળાએ ગત મહિના દરમિયાન ટ્રાફિકને કંટ્રોલમાં રાખવા માર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

કલ્ચરલ ફોરમ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવશે

શહેરની ૨૧ શાળાઓમાં એક જ સમયે સાહિત્યકારો વકતવ્ય આપશે

૨૧મીએ રાત્રે પણ ગુજરાતી ગીત-ગઝલનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

કોમ્પ્યુટર અને ટી.વી.ના યુગમાં ગુજરાતી ભાષા સામે અનેક પડકારો ઉભા થયા છે. જીભેથી ફરતા અધકચરા અંગ્રેજી શબ્દોની માયાજળ વચ્ચે સમાજને સંવેદનશીલ બનાવતી માતૃભાષાથી આજની પેઢી વિમુખ બનતી અટકે અને ભાષાનો વૈભવ જળવાઈ રહે-તેવા ઉમદા આશય સાથે ગાંધીનગરમાં આગામી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. કલા, સંસ્કૃતિ અને સાહિત્યની વૃત્તિ-પ્રવૃત્તિને વેગ આપવા સતત પ્રયત્નશીલ કલ્ચર ફોરમ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસ અન્વયે સવારે ૯.૩૦ કલાકે નગરની ૨૧ શાળાઓમાં સાહિત્યકારોનું વકતવ્ય યોજવામાં આવનાર છે. જે અંતર્ગત એક જ દિવસે અને એ જ સમયે શહેરના વિદ્યાધામોમાં સાહિત્ય જગતના ૨૧ શિરમોર સાક્ષરો માતૃભાષાના મહિમા વર્ણવતા વકતવ્યો રજૂ કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર એક સાથે ૨૧ સાહિત્યકારોનું વકતવ્ય યોજાશે. નગરની યુવા પેઢીમાં ગુજરાતી માતૃભાષા, સાહિત્ય અને વાંચન પ્રવૃત્તિ અભિગમ કેળવાય તેવા હેતુથી માતૃભાષા દિવસ નિમિત્તે મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે મા પાસેથી મળે, જન્મથી જે જાણીએ અને જાણ્યા વિના જે આવડે તે માતૃભાષા, પ્રત્યેકની વ્યકિતગત, સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ સમાન માતૃભાષાનો મહિમા ગાવા નગરની ૨૧ શાળાઓમાં સાહિત્યકારોનું વકતવ્ય યોજાશે. આ તબક્કે રતિલાલ બોરીસાગર, કવિ રાજેન્દ્ર શુકલ, માધવ રામાનુજ, ચિનુ મોદી, હરિકૃષ્ણ પાઠક, તુષાર શુકલ, અંકિત ત્રિવેદી તેમજ કેશુભાઈ દેસાઈ સહિતના સાહિત્યકારો વકતવ્ય આપશે. ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ માતૃભાષા અંગેના રસપ્રદ વકતવ્યનો લાભ લેશે. આ ઉપરાંત શહેરના નાગરિકોને પણ આ ઉજવણીમાં સામેલ થવા તેમણે જણાવ્યું છે. આ ઉપરાંત રાત્રીના ૯ કલાકે ટાઉનહોલ ખાતે ગુજરાતી ભાષાના ગીત-ગઝલ અને કવિતાનો કલશોર 'મિશન માતૃભાષા'ના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતી સંગીત ક્ષેત્રના દિગ્ગજ કલાકાર શ્યામલ-સૌમિલ મનુશી, હસમુખ પાટડીયા ગુજરાતી કવિતાના વિવિધ સ્વરૂપ ગીત સંગીત સાથે રજૂ કરશે.

અરજન્ટ જોઈએ છે
ગાંધીનગર માટે ગુજરાતી ભાષામાં ડેટા એન્ટ્રી ઓપરેટર જોઈએ છે.
ફોન નં.: ૯૬૦૯૬૪૧૨૬૩, (૦૭૯)૬૫૨૧૪૭૨૨

નગરના ૨૧ વિદ્યાધામોમાં ગુજરાતના ૨૧ શિરમોર સાક્ષરો

શ્રી રતિલાલ બોરીસાગર : ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ, રાંધેજા
શ્રી રાજેન્દ્ર શુકલ : માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સે-૨૧
શ્રી માધવ રામાનુજ : ચૌધરી મહિલા કોલેજ, સે-૭
શ્રી ચિનુ મોદી : વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, સરગાસણ
શ્રી હરિકૃષ્ણ પાઠક : ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ, સે-૨૫
શ્રી તુષાર શુકલ : સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સે-૮
શ્રી કેશુભાઈ દેસાઈ : સમર્પણ આર્ટસ કોમર્સ કોલેજ, સે-૮
શ્રી મનસુખલાલ સલ્લા : ચૌધરી કન્યા વિદ્યાલય, સે-૭
શ્રી રાજેન્દ્ર પટેલ : મહાત્મા ગાંધી વિદ્યાલય, સે-૧૬
શ્રી અંકિત ત્રિવેદી : વી.પી.એમ.પી., એલ.ડી.આર.પી., સે-૧૫
શ્રી હરદ્વાર ગોસ્વામી : જિલ્લા પ્રશિક્ષણ તાલીમ કેન્દ્ર, સે-૧૨
શ્રી વી.એસ. ગઢવી : સ્વામિનારાયણ ગુરુકુળ, સે-૨૩
શ્રી ભાગ્યેશ જહા : ઉમા આર્ટસ-કોમર્સ કોલેજ, સે-૨૩
શ્રી પી.કે. ગઢવી : ઓમકાર વિદ્યાલય, સે-૧૩
ડૉ. શ્રી કમલેશ જોષીપુરા : સી.એમ. વિદ્યાલય, સે-૨૩
શ્રી તેજસ મજમુદાર : ઈન્ફોસિટી સ્કૂલ, સરગાસણ
શ્રી રાઘવજી માધડ : પ્રેરણા વિદ્યાલય, સે-૫
શ્રી રમેશ તન્ના : સ્કુલ ઓફ એચિવર, કુડાસણ
શ્રી ભિખેશ ભટ્ટ : આરાધના વિદ્યાલય, સે-૨૮
શ્રી નટવર હેડાઉ : સરદાર પટેલ માધ્યમિક શાળા, સે-૭
સુશ્રી માર્ગી હાથી : આદર્શ નિવાસી કન્યા શાળા, સે-૧૩

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com